# નિવેદન

## ભગતસાહેબ વિશેષ

ભગતસાહેબ એટલે ભગતસાહેબ, મન મૂકીને વરસવાનો એમનો સ્વભાવ હતો. એ સહમત થતા હોય ત્યારે ને અન્યથા હોય ત્યારે પણ! ઉંમરમાં નાની કે મોટી વ્યક્તિ, સૌ કોઈ એમના મિત્ર જ હોય એમ અનુભવતા એ એમના વ્યક્તિત્વની વિશિષ્ટતા હતી. સાહિત્ય કે સાહિત્યેતર મુદ્દો હોય એ બદલાતા નહીં. એમને લાગે તે કહે એમ નહીં એ સામેવાળાએ સાંભળવું જ પડે. એટલું નહીં પણ મુડ અને મુદ્દા પ્રમાણે એમના અવાજની માત્રા રહેતી.

પહેલીવાર હું એચ.કે. આર્ટ્સમાં ચાલતી 'બુધસભા'માં ગયેલો ત્યારે તે સંચાલન કરતા. પહેલો મારો અનુભવ મારી કલ્પનાથી સાવ જુદો હતો. એક નવા વિદ્યાર્થીને જોઈને એટલે કે મને જોઈને એમણે જરા ઊંચા અવાજે કહેલું "કંઈ લાવ્યા છો?" મેં અવઢવમાં મારી એક રચનાનો કાગળ એમની સામે ધર્યો. એમણે થોડી ક્ષણો વાંચવામાં ગાળી ને મારી સામે જોઈ બોલેલાં "લો! તમે જ પઠન કરો?" ગભરાટમાં મેં પઠન કરતાં ખાસા લોચા મારેલાં. મને કહે "કવિતા કરતા પહેલાં પઠન કરતાં શીખી લો" અને પછી મારી પાસે મારી જ રચનાનું ત્રણ ચાર વખત પઠન કરાવ્યું! અંતે એમણે કહેલું "આ રચના કાવ્ય બને છે કે કેમ એ તો પછીની વાત છે, પહેલાં જોડણી સુધારો અને આવતી વખત લઈ આવજો." સતત ત્રણ બુધવારે એમણે રીતસર મારી ધોલાઈ કરેલી. હું નિરાશ થઈને એચ.કે.ના ઝાંપે ઊભો હતો ત્યાં પાછળથી એમણે મારા ખભા પર હાથ મૂકેલો ને અપાર સ્નેહથી કહેલું "સાથે કૉફી પીશું?" બસ, એક મિત્ર જેવા એમના તે દિવસના વર્તને મને જીવનભરનો ચાહક બનાવી દીધેલો!

ભગતસાહેબના અવસાન પછી રંગદ્વાર પ્રકાશને 'આપણો ઘડીક સંગ' નામનો એક ગ્રંથ ખૂબ આદર અને પ્રેમથી પ્રકાશિત કર્યો છે. એમાંથી પસાર થતાં એમ લાગ્યું કે આ ઉપરાંત પણ ભગતસાહેબનું રહી ગયેલું વિશેષ સાહિત્ય ખોળીને પ્રગટ કરવું. આ પુસ્તકના પાયામાં આ અભિગમ છે.

એમણે કેટલીક વિશિષ્ટ પ્રસ્તાવનાઓ લખેલી. એમની નિજી મુદ્રા અનુસાર એ તમામ પ્રસ્તાવનાઓ ઠીક ઠીક દીર્ઘ હતી. પણ સાહેબનું ગદ્ય અને એમના અભ્યાસનું ઊંડાણ બંને એમાં વ્યક્ત થતું જોઈ આવી પ્રસ્તાવનાઓ એકઠી કરી. શ્રીકાંત શાહના કાવ્યસંગ્રહ 'એક માણસનું નગર'માં કુલ કાવ્યોના પૃષ્ઠ કરતાં પ્રસ્તાવનાની પૃષ્ઠ સંખ્યા વધુ છે! એ પ્રસ્તાવના વાંચતાં વહેમ ગયેલો કે સાહેબ ઈતિહાસના અધ્યાપક તો નહીં હોય ને! આ પ્રકારનું સાહિત્ય ભેગું કરતાં કરતાં કવિ રાજેન્દ્ર શાહ અભિનંદન ગ્રંથ જોયો ને એક લેખ તેમાંથી મળી આવ્યો. રાજેન્દ્ર શાહનું એક કાવ્ય માત્ર તેર અક્ષરનું છે! તે કાવ્યનો આસ્વાદ ભગતસાહેબે ચાર પાનામાં કર્યો છે! ભગતસાહેબ એટલે અદ્ભુત તત્ત્વનો જાણે ખજાનો!

ભગતસાહેબને મળેલાં માન સન્માનના પ્રતિભાવોમાંય એમનો એક વિશિષ્ટ દૃષ્ટિકોણ જોવા મળે છે. તેથી આવા ત્રણેક પ્રતિભાવો અહીં અંકે કર્યા છે. એમની સાહિત્ય અને સમાજનિષ્ઠા ખૂબ હતી. મનુષ્યની આવતીકાલ માટે ખૂબ આશાવાદી હતા. ઈતિહાસ કે વિજ્ઞાન, સાહિત્ય, સમાજ કે રાજકારણ એ તમામના પ્રશ્નોમાં તે પ્રખર માનવતાના પુરસ્કારતા રહેતાં અને હંમેશા યોગ્ય નાગરિક ધર્મ બજાવવા તત્પર રહેતાં. લોકશાહી પ્રણાલિકાઓ માટે એ હંમેશા સજાગ રહેતાં. સંસ્થાઓમાં એ વલણ સ્થાપિત રહે તે માટે જીવનની અંતિમ ક્ષણ સુધી ઝઝૂમ્યાં. બીજાઓ સાથે સંવાદ હોય કે વિવાદ અંતે એ કહેતાં “We are always agree to disagree” એમનો અભિગમ માનવજાતિની આવતીકાલ માટે હંમેશા વિધેયાત્મક રહેતો. માત્ર આ પૃથ્વી પર નહીં અવકાશને પણ માનવતાથી મઢવાની એમની નેમ હતી.

એમના કેટલાક અંતિમ કાવ્યોમાના એક કાવ્યમાં અંતે કવિ કહે છેઃ

*તુંથી તો શું, સ્વયં આ પૃથ્વીથી પણ પર અને પાર*
*એવી આ છે મારી અવિરત, અવિશ્રામ જીવનયાત્રા દુર્દમ્ય, દુર્નિવાર,*
*તેં મને પૂછ્યું હતુંનેઃ ‘કહે હવે માનવ, ક્યાં ચઢીશ તું?’*
*હું માનવ, આજે તને કહું હવે અવકાશને માનવતાથી મઢીશ હું*

કવિ નિરંજન ભગત આખા સમાજ માટે પ્રિય ‘ભગતસાહેબ’ હતા. એમનું વિશિષ્ટ વ્યક્તિત્વ અને એમનું સાહિત્ય વિશેષ પ્રદાન હંમેશા સીમાચિહ્નરૂપ રહેશે.

આ ચયનમાં કેટલીક પ્રસ્તવનાઓ, કાવ્ય-આસ્વાદ અને એમના સન્માન સમયે એમણે આપેલા પ્રતિભાવો સમાવિષ્ટ કર્યાં છે. ભગતસાહેબનો આ સાહિત્યિક વિમર્શ ગુજરાતી સાહિત્યમાં એક આગવી ભાત ઊભી કરે છે જે સાહિત્યસેવીઓ તથા સાહિત્યકર્મીઓ માટે આસ્વાદવા યોગ્ય છે.

**– રાજેન્દ્ર પટેલ**

# અનુક્રમણિકા

## પ્રસ્તાવનાઓ


1. કેટલાંક કાવ્યો - સુન્દરમ્ ........................................................... 1
2. સ્વપ્નતીર્થ : રાધેશ્યામ શર્મા ........................................................... 19
3. રિલ્કેનાં કાવ્યો : ચંદ્રકાંત દેસાઈ ........................................................... 32
4. ગીતાંજલિ - રવીન્દ્રનાથ ટાગોર : અનુ. શૈલેષ પારેખ ........................................... 43
5. એક માણસનું નગર : શ્રીકાંત શાહ ........................................................... 55
6. 'તો ભલે તેમ હો' : અનુ. મોહનદાસ પટેલ ........................................................... 141
7. દૂરનો માણસ અને બીજી વાર્તાઓ : અનુ. ઉમા રાંદેરિયા ........................................... 149


## આસ્વાદ


8. ગોકળગાય : રાજેન્દ્ર શાહ ........................................................... 164


## પ્રતિભાવ


9. નર્મદ સુવર્ણચંદ્રક સ્વીકારતાં ........................................................... 170
10. ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા સન્માન ........................................................... 175
11. 'કાવ્યમુદ્રા' ઍવોર્ડ સન્માન પ્રતિભાવ ........................................................... 187